રમૂજ માળા નંબર ૨ નો

રાખસોની રમૂજ

ભાગ ૨ જો

[illegible]

[illegible]

[illegible]

[illegible]

એચ. ડી. દામા.

મુંબઈ

[illegible] સને ૧૮[illegible]

પારસી પ્રીન્ટીંગ પ્રેસ

કિંમત. ૩ પઈ

[illegible]

રાક્ષસોની રમૂજ

ભાગ ૨ જો.

ાઇ ફિકર નહીં ગભરાતા નહીં હું હમણાં થંડી કરી મુકુ
આગને નસાડી મુકુછું. એમ કહી પેલી ટોપી માથા પર
રી મુકી એટલે સઘળો ભફારો જતો રહ્યો એટલુંજ નહીં
ગુ વધેલો ખોરાક જે રકાબીમાં પડેલો હતો તે પાણી પા
ા થઇને થંડીથી બરફ જેવાં ખરેખર ચોસલાં બંધાઇ ગ
. બે ચાર કલાક પછી તેઓ મરી ગયા હશે એમ ધારી
રાજાએ બારણાં ઉઘાડયાં એટલે છએ રાક્ષશો રાજાને સ
ામ કરીને તે સહી સલામત આગલ ઊભા રહયા ને બો
લી ઉઠયા કે રાજાધિરાજ બહાર જવાની રજા આપો
કારણકે અંદર એટલીથંડી પડેછેકે અમારીથી ખમીશકાતીનથી.
રાજાએ જોયું તો ખરેખર રકાબીઓમાં થંડીથી બરફના ચો
સલાં બંધાઇ ગયલા માલમ પડયાં રાજા આથી ઘણોજ અ
જબ થયો તેમજ ગુસ્સાથી લાલચોળ બની ગયો, ને તરતજ
રસોઇઆ પાસે ગયો ને બે ચાર ગાલ ઉપર ચોપડી દીધા ને
ગાળોનીભડ મચાવી મુકી. આ તમાસો જોઇ રસોઇઆનુ તો પ
હેલાં મોતીઆં પણ નીકળી ગયું. રાજાએ કહ્યું બેવકુફ તેં મા
રો હુકમ કેમ તોડયો ? તને ઓરડા નીચે મોટી આગ સળ

ને કહ્યુ હતું તે કેમ ન સળગાવી .ચતુરાઇઆને આથી
હિમ્મત આવી ને કહ્યું કે રાજા સાહેબ દેવતાતો
ઓરડી નીચે પુષ્કળ પડેલોછે. આ જોઇ રાજાનો ગર્વ
પડયો અને રાજાએ મનમાં વિચાર કર્યો કે
મારામાંથી મોકળા થવુ એ ઘણુ કઠણ કામછે
.મ્મત ન હારતાં એક બીજી યુક્તિ શોધી કાઢીને વે
રાજાએ પોતાની પાસે બોલાવીને કહ્યું કે જો તું મ
છોકરી પરથી હક છોડી આપેતો તને જોઇએ તેટલુ સોન
આપુ. વેતિઆએ જવાબ આપ્યો કે મને વધારે તો ક
નથી પણ મારો એક ચાકર ઊચકી શકે એટલુ આ
તો પણ હું ખુશીથી તમારી છોકરીનો હક છોડી દેવ
તઇઆર છઉ ને વળી વેંતિઆએ કહ્યું કે આજ પછી પ
દહાડે તમારી પાસે સોનું લેવાને આવીશ. આથી તો રા
ઘણોજ ખુશી થયોને કહ્યુ કે બહુ સારૂ. વેતિઆ માણસ
ટલા શહેરમાં દરજી હતા એ બધાને હુકમ કીધો કે એક
વો તો મોટો કોથળો બનાવો કે જે શીવતાં એક પખવાડિયુ લા
ગે. આ સાંભળી શેહેરના દરજીઓ રાજી રાજી થયા અને
પોતાનુ કામ તરતજ શરૂકીધુ. પદર દિવસમાં એક મોટો જબરો
કોથળો શીવી નાખ્યો ને તઇઆર થતાંજ આપણા વેતિ
આ સાહેબે એક ચાકરને ઉપાડવા કહ્યુ જેણે એક સપાટે
માં છ ઝાડ ઉખેડી નાખ્યાં હતાં તે જોરાવર માણસ તે કો
થળો રાજા પાસે લઇ આવ્યો. રાજા ઘણો ગભરાયો ને
છ્યુ કે આ ઘર જેવો મોટો કોથળો કોણ લઇઆવે છે તે
તિઆ માણસે જવાબ આપ્યો કે તે મારો ચાકર છે ને

ણા કબુલાત પ્રમાણે હું સોનું લેવા આવ્યો છુ. ૯.
જાને ધાસ્તી લાગી કે આ મુસાફરો રખેને મારો સઘં
ખાલી કરાવે તો પણ હિમ્મત ન હારતાં ૧૦૦)
ાને રાજાએ હુકમ કીધો જેને ઉપાડવાને વિસ
ગ્યા પણ આપણા જોરાવર માણસેતો એક હાથે ઉ
કોથળામા નાખી દીધો ને હજુ વધારે લાવવાને કહે
થી તો હજુ કોથળાનું તળીઉં પણ ઢંકાણું નથી. આ
રથી રાજાએ વધારે મગાવવાનો હુકમ કીધો તે પણ એ જો
ર માણસે એક હાથે ઉપાડીને કોથળામા નાખી દીધો
પણ કોથળો હજુ અરધો પણ ભરાણો નહીં; તેથી તે જો
રર માણસ અધિરાઇથી બોલી ઉઠયો રાજા સાહેબ આટલા
શું થાય એતો માત્ર નાના કડકા છે આથી કાંઇ કોથળો
ાવાનો નહીં. જોરાવર માણસના આવા બોલ સાંભળીને રાજા
ને તેના માણસો થરથર ધ્રુજવા લાગ્યા ને કહેવા લાગ્યા કે
આ માણસ છેકે ભુત? તે ખરેખર બધો ખજાનો ખુટવી નાખ
શે. આથી રાજાએ જરા ચીરડાઇને દુનિઆના બધા દેશોમાંથી
સોનું એકઠું કરીને એક સો ગાડા ભરી લાવવાનો હુકમ કીધો.
પણ આપણા જોરાવર માણસે બધું સોનું એક હાથે ઉપાડી
ને કોથળામાં સમાવી દીધું એટલુંજ નહી પણ વળી બેલ સુ
ધાં ગાડા પણ કોથળાની અંદર નાખી મુકયાં તો પણ કોથળો
અધુરોને અધુરોજ રહયો ત્યારે જોરાવર માણસ બોલી ઉઠયો
કે રાજા સાહેબ સોનું છેકે નહી ? નહી હોયતો ના કહો એ
લે અહીથીજ બંધ વાળું. રાજા વીચારમાં પડયો કે હવે
જવાબ આપવો; એટલામાંતો તે અધિરો જોરાવર માણ

લી ઉઠયો જોકે મારો કોથળો હજી ભરાણો નથી તો આ વાતનો જલદીથી અંત લાવવાને વાસ્તે હું બાકીનુ સોનુ ને માફ કરૂ છું ને આટલા સોનામાંજ મોડી વાત કહીને કોથળો ખભા પર લઈને સરવે જાણુ - ણુ જ્યારે રાજાએ જોયું કે આપણા બધા દેશનો ના એક માણસ લઈ જાયછે વાસ્તે લઈ જવા ન દેવે રાવ કરીને પોતાની બે ચુટી કાઢેલી ઘોડેસ્વારની ટુકડી ને તેજ હરામખોર મુસાફરોને પાછા લાવવાનો હુકમ કર્યો અને તેજ વખતે ભલામણ કરી કે ગમે તેમ થાય તો પણ સોનુ પાછું લાવવું. આ પરથી બે ઘોડેસ્વારની ટુકડીઓ મુસાફરોની પાછળ દોડી ને તરતજ તેમને પકડી પાડયા ને કહ્યું કે અરે લુચ્ચાઓ તમે આ સોનું ક્યાં લઈ જાઓછો તમે મારા બંધીવાન છો હવે ક્યાં જવાના છો! આ સોનાનો કોથળો તગતજ નીચે મુકો, નહીતો તમારા દરેકના ચુરા કરી નાખીશું આટલામાંતો વેતિઆનો એક ફુકનારો ચા બોલી ઉઠયો તમે શું બડબડોછો? મને કાંઈ સમજણ પડતી નથી અમો બંધીવાન છીએ એમ તમો કહેવા માગોછો! પણ લુચ્ચાઓ યાદ રાખજો કે જો ખરો મરદ હોઉં તો તમોને જ પહેલાં ઉંચા મેરૂ પરવત પર આકાશમાં નચાવું. એમ કહેતાજ પોતાનું એક બાજુનું નસકોરૂં આંગળી વતી બંધ કરીને બીજા નસકોરા માંથીએવાતો જોરથી ફુકવા લાગ્યો કે ઘોડેસ્વારની બેટુકડીઓ ઉંચા જંગી પરવત પર આકાશમાં જાણે વાઘમાં નાચતી હોયની તેમ જમણી બાજુથી ડાબી બાજુ ડાબીબાજુથી જમણી બાજુ ઉડાવવા લાગ્યોને કોઈ વખતેઓ

સામસામે પણ લટકાવી દેતા. બે ચાર કલાકો પછી ગં
ભીર દેખાવના મોટી ઊમ્મરે પહોંચેલા અમલદારે અર
જ કર્યું કે મને જુવાનીમાં આઠ નવ જખમ લાગેલા છે
જેથી આમાં ખમાતું નથી માટે મહેરબાની કરીને
ઉતારો. આ બોલ સાંભળીને આપણા ફુકનારે મ
નમાં વિચાર્યું કે ખરેખર જુવાનીમાં એ ઘણો બહાદુર અમલ
દાર હશે જોઇએ માટે તેની સાથે આમ વરતવું એ યોગ્ય ન
એમ ધારી તેના પર દયા લાવીને તેને ધીમે ધીમે પરવત
ની નીચે ઉતર્યો ને કહ્યું કે, તારા રાજા પાસે જા ને
હજુ વધારે લશ્કર હોય તો મોકલી દે એટલે તેને પણ આ
પ્રમાણે ઉંચા મેરૂ પરવતની હવાની લહેજત ચખાડું. રાજાએ
જ્યારે આ સંદેશો સાંભળ્યો ત્યારે તે બોલ્યો કે લુચ્ચાઓને
જવા દો એનું લાગ્યું એજ ભોગવશે. ફુકનારે રાજાના સંદેસાની
વાટ જોઇ પણ નહી આવવાથી તે બે ટુકડી પર દયા લાવીને
નીચે ઉતારીને તેમને રાજા પાસે જવાની રજા આપીને આ
છ રાક્ષસો પોતાને ઘેર ગયા ને સરખે ભાગે સોનું વેહચી
લીધું અને બાકીના દીવસો આનંદમાં ગુજાર્યા. મારા બ
ધુંઓ આ જોડી કાઢેલી વાત પરથી એટલી શીખામણ લે
વાની છે કે માણસે ગમે તેવું અઘરૂં કામ માથે લીધું હોય
અને જો તે સંપ રાખીને એક દીલે કામ કરે તો પાર પડે
એમાં શક નથી ને વળી પોતાના શરીરનું તથા બુધ્ધીનું
બળ આપણા નબળા તથા ઓછી બુધ્ધીના ભાઈઓ પર
ન વાપરતાં આ ફુકનારે જેમ રાજાના માણસો પર દયા આ
ણી છોડી મુક્યા તેમ વાંચનાર તમારે પણ દયાળુ થવાને

રૂં જોઇએ.

રમુજી ટુંચકા.

મનજી !—કાકા મનજી એક દીવસ હાથમાં સવા ગજ
મ લઇને આમ તેમ લેહેકા કરતા પોતાની
ગલ લખતાં મોટા બેસ બડકે એવા જાડા અક્ષ
જોઇને એકે પુછ્યું " મનજી કાકા શું કરોછો ?
લ્યા " મારા કીકાની મા ઉપર કાગલ લખુંછું " ૫
મે ફરીથી પુછ્યું " પણ આવડા મોટા અક્ષરો કેમ લખ
ઓ ?" કાકાએ કહ્યું તે બહેરી છે તેથી મોટા દસકત
છું કે તે બરાબર સાંભળી શકે." પહેલાએ જાણ્યું કે
કા અકલના દુશમન છે."

બિલાડીનાં માન વધ્યાં !—ફરેન્ચ લોકો
લશ્કરમાં ઉંદરડા અતિશય વધી પડવાથી લશ્કરના લોકો
વસ્તરોનું તેઓ નખોદ વાળતા હતા, તેથી ઉંદરડાઓને ર
રી હઠાવવા માટે ફરેન્ચ લોકોએ હાલમાં ૫૦૦) બિલાડી
ઓને નોકરીમાં રાખી છે ! આથી વાંચનાર અજબ થશે કે
ધીમે ધીમે દુનિઆમાં બિલાડીના પણ માન વધ્યાં ખરાં!

એક વિચિત્ર ઘડિઆળ !—અમેરિકા ખાતે હા
લમાં એક વિચિત્ર ઘડિયાળ બનાવવામાં આવ્યુંછે. તે ૧
ફીટ ઉંચુછે, અને તેમાં ઇસ્વિસન ૯૯૯૯૯ ના વરસની છે
ક્ષિ સેકંન્ડ, મિનિટ, ના કલાક, દિવસો, અઠવાડિયાં, મહિ
ના, રૂતુઓ, વરસો, વિગેરે દરશાવવામાં આવ્યું છે. તે ઘડિ
આળને મસ્તકે એક મુરઘો મુક્યો છે, જે મળાત થતાંજ " કુ
કડેકુક "કરવા માંડેછે. વળી રાતરે તે ઘડિયાલમાંથી એક સિ

.ઇ બહાર આવેછે તે જેટલા કલાક થયા હોય તેટલાનું ના
મ દઇને રણશીંગડું વગાડી પાછો અંદર પડી જાયછે એ
ડી અજાઅબીની વાત છે? અમેરિકનોની અકલ આવું
!

દીકરો ને બાપ!

બાપ—જો દીકરા તું તારી મા સાથે રોજ લડે છે તે
કાંઇ શોભાં નહીં હો.

દીકરો—તો બાપા, તમો મારી મા સાથે પરણ્યા
શું ખોટું કીધુ તો તમો જો પરણ્યા ન હોય તો તે
કંઇ મારી સાથે લડવા આવતે કે વારૂ!

અકલનો દુશમન!

એક અકલના દુશમને પોતાના એક મિત્રને પુછયું "પ્યારા
ત્ર ગઇ કાલે એક વિદ્વાનના મોઢામાંથી એવા વેણો સા
ભળ્યા કે, વખત એ પઇસો છે ત્યારે હું તને પુછુછુ કે મા
રૂં થોડાક હજારનું દેવું કેટલા વખતમાં પતી જશે.

સાહુ કારી સાળા!

બરમીંગ હામના થોડા વખત ઉપર કોઇ મી. ગી
ભસ નામના મહા પુરૂશે સાહુકારી સાળા કાઢી હતી તે શા
ના ચોરી કરવાની વિદ્યા શીખવામાં આવતી હતી.

સ્ત્રીઓને પ્રભુએ દાઢી કેમ નઆપી?

એક પ્રખ્યાત કવિ જણાવેછે કે ઇશ્વર સરવ વસ્તુ પે
દા કરતી વેળાએ ડહાપણ વાપરી સ્ત્રીઓને દાઢી ન આપી
તેનું કારણ એકે જો તેમને દાઢી આપી હોત તો તે મુંહ
નાં હજામને મહા મુશિબત પડત કેમકે સ્ત્રીઓની હડપચી આ

ખો દિવસ હાલ હાલ કરેછે એટલે આખો દિવસ ક-
બંધ રહેતુ નથી.

એક નામાંકિ ચિતારાનો હાજર જવાબ

એક ગ્રહસ્થે એક નામાંકિત ચિતારાને ઘેર ગયો
કદરૂપા ચાર બાલકો જોયાં તે બાલકો ચિતારાનાંછે એ
મડવાથી તેને ઘણુંજ મ ઠું લાગ્યું. થોડીવારે ચિતારાને
થતાંવાર તેણે તેને પુછ્યું, "ભાઇ, તમે ઉતમ પ્રકારની તસ
કાઢોછોએ ખરૂં પણ તમારા બાળકો આવાં કદરૂપાં કાં?"
ચાએ જવાબ આપ્યો, "હુ તમામ તસવીરો દિવસે પ્રકાશમ
તરૂં છુ અને આ છોકરાં રાત્રીએ અંધારામા ઉતપન થય

એક ન્યાયાધિસનો ન્યાય!

એક ન્યાયાધિસે એક લાંબી દાઢી વાળા કેદીને કહ્યું "તારી
દ્ધિ તારી દાઢી પ્રમાણે મોટી વિશાળ હશે એમ મને લાગેછે
કેદીએ ઉતર આપ્યો, "મહારાજ બુદ્ધિની પરિક્ષા કરવ
આપે જે પ્રમાણે બતાવ્યું તે ઉપરથી એમ સીધ થાયછે
આપ કેવળ બુધિ વિનાનાછો!"

ભુપતિને પણ મારા વિના ન ચાલ્યું!

એક છાલકા મિજાજના માણસે કહયું "આજે તો રા
એ મને બોલાવ્યો. લોકોએ કહયું "રાજાને તારો શો
પડયો"? તેણે કહયું "હું મારગમાંથી જતો હતો ને રાજા
તાનો ઘોડો દોડાવતો દોડાવતો આવતો હતો તેવામાં મને
કહયું કે આઘા ખસો. જુઓ ત્યારે રાજાને પણ મારા વ
ના ન ચાલ્યું કે ની!"

સમાપ્ત.

માંડવી પ્રાઈવેટ ટ્યુશન

સવાર તથા સાંજનો કલાસ.

ડી બજાર પર શેઠ નરશી નાથાના ડેરા બરની ... ન
૩૦મું) સાંજે ૫ થી ૮)

આ સ્કુલમાં અપાતી કેળવણી.

૧—પ્રથમ રાજના સાતથી નવ વાગ્યા સુધીમાં ચડે એક સુધી ની મરા વિદ્યાર્થીઓને વ્યાપાર સંબંધી કેળવણી આપવામાં આવ ન તે જેમ કે એક બીજા સાથે અંગ્રેજી વાતચીતમાં વાત ચીત કરવુ લાંબી ગણી શકાય તેમજ સમજાય તેમ તથા ગ્રામર વગેરે દસાવરોને લખાતા કાગળો અરજીઓ તાર બીલ્સ પત્રોમા સારી રીત રખતાં વાંચતાં આવડે ત્યાદી બાબતો શીખવવામાં આવશે 'બુક કીપીંગ'' ને બદલે '' મહાજન કમરશીઅલ કોરસપોન્ડન્સ'' શીખવામાં આ । તેનું લવાજમ દરમાસે રૂ ૨) લીધામાં આવશે

૨—આખું દીવસ સ્કુલમાં જતા વીદ્યાર્થીઓને ઘેર માસ્તરને ઘેર માસ્તરનો મોટો પગાર ભરવાને બદલે થોડા પૈસામાં ભલ ભણતી કેળવણી મળી શકે માટે સવારના સાતથી નવ વાગ્યા સુધી એમ ક ખુદ્ધી ક્લાસ ઉઘાડવામાં આવ્યો છે તેમાં ઈસ્કુલનુ લેસન કાઠીયારા ખને શીખવ્યા બાદ ચઢે બુક સુધી ભણેલા ઉમેદવારોને નવા અભ્યાસ કરાવીને એલફી-બટન તથા સેન્ટ ઝેવીઅર્સ ફોર્થ વગેરે હાઈ સ્કુલ લાઈબ્રરીના ચોથા સ્ટાંડર્ડમાં દાખલ કરી આપવામાં આવશે તેનુ લવાજમ દરમાસે રૂ ૨) લીધામાં આવશે.

ઝરઠ્ઠ બુક શીખનાર પાસેથી માત્ર રૂ. ૧) લીધામાં આવસે

હાઈ સ્કુલના **ચોથા પાંચમા** તથા **છઠા** સ્ટાંડર્ડ-
વીદ્યાર્થીઓને સેકન્ડ લેંગવેજ **સંસ્કૃત** શીખવવામાં આવશે
ગરીબ વીદ્યાર્થીઓની સારી સંભાળ
... ખવામાં આવશે ...
... ની માલમ ...